# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૫/વર્ગ-૦૪/બઢતી/દરખાસ્ત/૨૦૨૪/ 17076

તા.૧૯/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

વિષય:- બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ -૪ કર્મચારીઓની બઢતી અંગેની દરખાસ્ત રજૂ કરવા બાબત.

સંદર્ભ:-
(૧) શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ
(૨) શિક્ષણ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ
(૩) શિક્ષણ વિભાગના તા.૦૭/૧૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/2023/4119/G
(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા. ૨૪/૦૪/૨૦૨૩ ના પત્રાંક: ઉમબ/ઉમા-૮/સેટઅપ/૨૦૨૩/૧૮૫૩-૫૪
(૫) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૧૩/૧૨/૨૦૨૪ ના પત્રાંક ઉમશ/ઉમા-૪/વહી.સંગ/૨૦૨૩/૬૫૨૮-૬૪
(૬) અત્રેની કચેરીની તા. ૧૯/૧૨/૨૦૨૪ ની નોંધ પર મળેલ સુચના અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભિત પત્રાંક (૧) થી (૩)થી વર્ગ- ૦૩ જુનિયર કારકૂનની શૈક્ષણિક લાયકાત તેમજ બઢતી માટેની અંગેની જોગવાઈઓ દર્શાવવામાં આવેલ છે. સંદર્ભિત પત્ર (૪) થી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩નું મહેકમ મંજૂર થયેલ છે.

ઉપરોક્ત સંદર્ભિતપત્રાંક (૧) થી (૩) ની જોગવાઈઓને ધ્યાને રાખી અને સંદર્ભિતપત્ર (૪) અન્વયે શૈક્ષણિક વર્ષ:૨૦૨૨-૨૩ મુજબ જે શાળામાં વર્ગ-૦૪ કર્મચારીઓની બઢતીની જગ્યાનું મહેકમ મંજૂર થયેલ હોય અને વિદ્યાર્થીઓની સંખ્યા જળવાઈ રહેતી હોય તથા જે શાળામાં ફરજ બજાવતાં વર્ગ-૦૪ કર્મચારીઓ પૈકી જે બઢતી મેળવવા માટેની તમામ લાયકાત ધરાવતા હોય તો તેવા તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓની બઢતીની દરખાસ્ત આધારો સહ અત્રેની કચેરીને તા.૨૩/૧૨/૨૦૨૪ ને સવારે ૧૨:૦૦ કલાક સુધીમાં બઢતી માટેના નિયત નમૂનામાં રજૂ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

બિડાણ:
- સંદર્ભિત પત્રાંક (૧), (૨), (૩) અને (૪) ની નકલ
- બઢતી માટેનું નિયત નમૂનાનું પત્રક

Scanned with OKEN Scanner

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-
૧૯૭૪ માં વિનિયમ ૨૪(૧) ની નવી
જોગવાઇ દાખલ કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક મશબ/૧૨૧૯/૯૧૪/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૧/૦૯/૨૦૨૦

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૦/૦૯/૧૯૬૭ નો ઠરાવ નંબર:હનપ/૧૧૬૭/ક.
(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૯/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક બમશ/૧૩૦૫/૧૯૩૪/ગ
(૪) ગુ.મા અને ઉ.મા.શિ બોર્ડ, ગાધીનગરનો તા ૦૯/૧૦/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:મઉમશબ / સશોધન/૨૦૧૯/૩૪૮૯-૯૦
(૫) ગુ મા અને ઉ મા શિ બોર્ડ, ગાધીનગરનો તા ૨૮/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાક:મઉશબ/ સંશોધન/૨૦૨૦/૨૦૬૦-૬૧

<u>આ મુ ખ-</u>

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૧) સામેના તા.૨૦/૦૯/૧૯૬૭ ના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારીઓ માટે હિન્દીની પરીક્ષા પાસ કરવાનું ઠરાવેલ છે. તેમજ સામાન્ય વહિવટ વિભાગના વચાણે લીધેલ આમુખ ક્રમાંક (૨) સામેના તા.૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવથી રાજ્ય સરકારની ઇ-ગર્વનન્સ નીતિ અન્વયે સીધી ભરતી/બઢતી અન્વયે વર્ગ-૩ ના કર્મચારીઓ માટે CCC અને વર્ગ-૧ અને વર્ગ-૨ ના કર્મચારીઓ માટે CCC+ "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષાના આયોજન અગે જોગવાઇ કરવામા આવેલ છે. શિક્ષણ વિભાગના વચાણે લીધેલ આમુખ ક્રમાંક (૩) સામેના તા.૦૧/૦૯/૨૦૦૭ ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર થનારા કર્મચારીઓ માટે તાત્કાલિક અસરથી ખાતાકીય પરીક્ષાની જોગવાઇ દાખલ કરવામા આવેલ હતી જે ધ્યાને લઇ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) સામેના પત્રોથી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ યોજના માટે હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય(CCC)

૪૩૩૮
તા.-૭/૯/૨૦૨૦

તાલીમ પરીક્ષા પાસ કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં વિનિયમ-૨૪(૧) તરીકે નવી જોગવાઇ દાખલ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ:-</u>

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૪ માં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>વિનિયમ ક્રમાંક: ૨૪ (૧)</u>

**"રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર** માધ્યમિક શાળાના **બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણ** યોજના માટે રાજ્ય **સરકારના ધારાધોરણો મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય** પરીક્ષા અને કોમ્પ્યુટર **કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા તેમજ શૈક્ષણિક કર્મચારીઓએ** હિન્દીની પરીક્ષા અને **કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે."**

ગુજરાતના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ.૧-શાખા અને ગ.૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૪૫૭-૯૦
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
તા.૦૫/૦૯/૨૦૨૦

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ.

જાણ સારું તથા આપના તાબાની તમામ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી કાર્યવાહી કરવા સારું.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

ક્રમાંક: માધ્ય/પ્ર-૨/બિ.શૈ/બા.ય./૨૦-૨૧/ ૫૯૯૮ થી ૬૨૪૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તા.૨૨/૦૯/૨૦૨૦

પ્રતિ,

નકલ જાણ તથા અમલાર્થે-

(૧) આચાર્યશ્રી, તમામ અનુદાનીત મા./ઉ.મા.શાળાઓ રાજકોટ જિલ્લો-
(૨) તમામ શિ.નિ.શ્રી તથા મ.શિ.નિ.શ્રીઓ- આ કચેરી
(૩) માધ્ય/ પ્ર-૨ શાખા, આ કચેરી

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ જિલ્લો, રાજકોટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૬/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૭/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/2021/3635-37.

આમુખ:-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૭/૨૦૨૧ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૯)માં આ સાથેના પત્રકના કોલમ-૩ની હાલની જોગવાઈને બદલે કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

પત્રક

## શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| ૧ | | કોઈ વ્યક્તિને<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી હોય,<br>(ખ) એચ.એસ.સી(ધો.૧૨) પ્રમાણપત્ર ધરાવતી હોય તે સિવાય કારકુનની સ્ટાફના સભ્ય તરીકે નીમી શકાશે નહીં<br>(ગ) DOEACC સોસાયટીની CCC લેવલની અથવા રાજ્ય સરકાર નક્કી કરેલ તેવા લેવલની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.<br>(ઘ) બિન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા અને એસ.એસ.સી (ધો.૧૦)ની લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર કારકુનની જગા સીધી ભરતીથી નહીં ભરતા જે શાળામાં વર્ગ-૪ (પટાવાળા)ના કોઈ કર્મચારી બિન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની ઉપર દર્શાવેલ (ગ)ની લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકે ઓછામાં ઓછી ચાર વર્ષની સળંગ નોકરી હોય તેવા પટાવાળાઓને જુનિયર કારકુન તરીકે બઢતી આપીને જગ્યા ભરવી." | (૧) સીધી ભરતીથી જુનિયર કલાર્ક ભરવા અંગેની જોગવાઇ,<br>- કોઈ વ્યક્તિને -<br>(ક) તેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરીહોય.<br>(ખ) કાયદાથી સ્થપાયેલી ભારતમાંની કોઈ યુનિવર્સિટીની કોઈ વિદ્યાશાખામાં સ્નાતકની પદવી અથવા તેને સમકક્ષ લાયકાત ધરાવતી હોય તે સિવાય જુનિયર કારકુન તરીકે નીમી શકાશે નહી,<br>(ગ) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/03/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે.<br>(ઘ) સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવે તે મુજબની પરીક્ષા નીચેની વિગતે આપવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | | અ) લેખિત પરીક્ષા (Written Test).<br>બ) કોમ્પ્યુટર નિપુણતા પ્રાયોગિક પરીક્ષા (Computer Proficiency Test).<br>(૨) બઢતીથી જુનીયર ક્લાર્કની જગ્યા શાળાના વર્ગ-૪ (પટાવાળા)માંથી ભરવાઅંગેની જોગવાઇ.<br>(ક) બિન-સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં કામ કરતા અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનિયર ક્લાર્કની જગ્યા સીધી ભરતીથી નહી ભરતા જે તે શાળામાં વર્ગ-૪ (પટાવાળા) નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તેમને જુનિયર ક્લાર્કમાં બઢતી આપવાની રહેશે.<br>(ખ) સરકાર માન્ય માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની (એસ.એસ.સી.)ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ગ) પટાવાળા (વર્ગ-૪)માં ઓછામાં ઓછા 4 વર્ષની સળંગ નોકરી કરેલ હોવી જોઇએ.<br>(ઘ) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું સરકાર માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટકોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. તેમજ સરકારશ્રીના |

| | | | |
|---|---|---|---|
| | | | ધારાધોરણો મુજબ ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇશે.<br>(ચ) શાળામાં આ પ્રકારની લાયકાત ધરાવતા કર્મચારીઓ (પટાવાળા) ઉપલબ્ધ ન હોય તો જુનિયર કારકુનની જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે. |

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/૬૭૦૫-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.22/06/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની નકલ આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર
બ્લોક. નં.૯/૧ ડો. જીવરાજ મહેતા ભવન.
સેક્ટર-૧૦ ગાંધીનગર

Azadi Ka Amrit Mahotsav

પત્રક્રમાંક:ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૩/૧૮૫૩-૫૪ તા. ૨૪/૦૪/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૯/OD-૮(પા.ફા.૧)ગ,તા.૧૯/૦૧/૨૦૨૧
(૨) શિક્ષણ વિભાગ,ગાંધીનગરના પત્રક્રમાંક:બમશ/૧૧૦૯/OD-૮(પા.ફા.૧)ગ,તા.૦૨/૧૨/૨૦૨૨
(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક: ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૨/૮૦૫૯-૯૩,તા.૨૧/૧૨/૨૦૨૨
(૪) અત્રેની કચેરીના પત્રક્રમાંક: ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૩/૮૧-૧૧૪, તા.૧૦/૦૧/૨૦૨૩
(૫) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પત્રક્રમાંક:મા-૩/બિન શૈ.સેટઅપ/૨૦૨૩/૬૨૩, તા.૧૭/૦૧/૨૦૨૩ ની દરખાસ્ત
(૬) તા.૧૮/૦૩/૨૦૨૩ ની શાખા નોંધ પર માન.નિયામકશ્રીની મળેલ મંજૂરી અનુસાર

**કચેરી આદેશ:**

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) નક્કી કરવા બાબતના શિક્ષણ વિભાગના વંચાણે લીધા-ક્રમાંક(૧)ના ઠરાવની શરતો અને જોગવાઇ અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૨) થી વર્ષ - ૨૦૨૨-૨૩ માટે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ અપ) મંજૂર કરવાની મળેલ મંજૂરી અનુસાર અત્રેની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૩) અને (૪) ના પત્રોથી રાજ્યની તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) મંજૂર કરવા અંગેની ચકાસેલ દરખાસ્ત અત્રેની કચેરીમાં રૂબરૂમાં રજૂ કરવા જણાવેલ હતું. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક (૫) થી આપની કચેરીએ રજૂ કરેલ દરખાસ્તના આધારે તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારિત ૨૦૨૨-૨૩ ના વર્ષનું બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કુલ-૧૯૩ શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ -અપ) વંચાણે લીધા ક્રમાંક (૬) થી મળેલ માન. નિયામકશ્રીની મંજૂરી અનુસાર મંજૂર કરવામાં આવે છે.

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ અપ) મંજૂરીની શાળાવાઇઝ યાદી નીચે મુજબ છે.

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| | | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧ | આર.સી.ગાંધી હાઇસ્કુલ, સુમુલ ડેરી રોડ, સુરત. | ૩૮૮ | ૧ | ૧ | | | |

...શિક્ષણાધિ... કચેરી, સુરત.
...નંબર :- 1627

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨ | એંગ્લો ઉર્દૂ હાઇસ્કુલ, સોદાગરવાડ, સુરત. | ૯૭૫ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૩ | જી એન્ડ જી વી કડીવાલા હાઇસ્કુલ, સુરત. | ૬૮૯ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૪ | એમ.જી.સિંગાપુરી ગર્લ્સ હાઇસ્કુલ, સુરત. | ૨૮૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | એસ.પી.ઝવેરી ગર્લ્સ હાઇસ્કુલ, સુરત. | ૨૮૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | અંબાબા હરીપરા ગર્લ્સ હાઈ., સુરત. | ૯૨૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૭ | આર.ડી.ઘાએલ જીવનભારતી હાઈ.,નાનપુરા | ૧૪૧૯ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૮ | ટી એન્ડ ટી વી. હાઇસ્કુલ, નાનપુરા, સુરત. | ૧૧૩૫ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૯ | ટી એન્ડ ટી વી. હાઇસ્કુલ ગોપીપુરા, સુરત. | ૪૨૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | એન.જી.ઝવેરી જૈન હાઇસ્કુલ, ગોપીપુરા, સુરત. | ૨૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | એન.એમ.ઝવેરી યુનિયન હાઇસ્કુલ, સુરત. | ૩૪૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૨ | સ્વ.સી.બી.કાપડિયા મા.શાળા, બુંદેલાવાડ, સુરત. | ૨૧૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | બાઈ પી.એમ.પટેલ ગર્લ્સ હાઇસ્કુલ, શાહપોર, સુરત. | ૫૫૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૪ | એમ.ટી.ગર્લ્સ હાઇસ્કુલ, કરવા રોડ, સુરત. | ૨૯૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | એમ.ટી.બોયસ હાઇસ્કુલ , સુરત. | ૧૬૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | એમ.એમ.એન્ડ એમ.સી ધમણવાળા, સુરત. | ૨૨૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૭ | રત્નસાગરજી જૈન વિદ્યાસાગર,કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત. | ૨૯૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૮ | આર.ડી.કોન્ટ્રાકટર હાઈસ્કુલ, નાનપુરા, સુરત. | ૨૦૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૯ | લુર્ડઝ કોન્વેન્ટ હાઈસ્કુલ, અઠવા લાઈન્સ, સુરત. | ૯૩૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૨૦ | સર વી.ડી.ટી.ગર્લ્સ હાઈસ્કુલ, અઠવા લાઈન્સ, સુરત. | ૧૯૪૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૨૧ | વી.ટી.ચોકસી સાર્વ.હાઈસ્કુલ, હરીપુરા, સુરત. | ૧૯૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૨ | વિદ્યા ભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત. | ૧૦૯૫ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૨૩ | કે.એલ.એસ.ખાંડવાળા સાર્વ.હાઈસ્કુલ, ખાંડબજાર, સુરત. | ૪૩૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૨૪ | સલાબતપરા હાઈસ્કુલ, સલાબતપુરા, સુરત. | ૧૭૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨૫ | આર.એન.નાયક હાઈસ્કુલ, ઉધના, સુરત. | ૧૦૨૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૨૬ | ગુરુકુળ વિદ્યાપીઠ કુમાર વિદ્યાલય, કતારગામ, સુરત. | ૮૩૫ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૨૭ | એમ.એમ.પી હાઈસ્કુલ, રાંદેર, સુરત. | ૯૩૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૨૮ | લોકમાન્ય વિદ્યાલય, રાંદેર સુરત. | ૫૧૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૨૯ | આઈ.એન.ટેકરાવાળા, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત. | ૧૦૦૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૩૦ | ગુરુકુળ વિદ્યાપીઠ વી.ટી.ચોકસી કન્યા વિદ્યાલય, સુરત. | ૮૮૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૩૧ | એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઈસ્કુલ, રાંદેર રોડ, સુરત. | ૬૭૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | ગુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૩૨ | સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ઘોડ દોડ રોડ, સુરત. | ૮૪૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૩૩ | કે.સી.કોઠારી મા.ઉ.મા.શાળા, વરાછા રોડ, સુરત. | ૧૨૪૬ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૩૪ | ફૈઝ એ ચડકીવાલા ગર્લ્સ હાઈસ્કુલ, સોદાગરવાડ, સુરત. | ૬૩૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૩૫ | પીપરડીવાલા ઈંગ્લીશ મીડી.સ્કુલ, રાંદેર, સુરત. | ૧૦૭૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૩૬ | આઈ.પી.સવાણી હાઈસ્કુલ, કતારગામ, સુરત. | ૧૫૭૮ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૩૭ | સર્વોદય વિદ્યાલય, ભેસ્તાન, સુરત. | ૨૦૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩૮ | સિમ્ગા હાઈસ્કુલ, ગુ.મા., સગરામપુરા, સુરત. | ૧૦૬૫ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૩૯ | આર.એસ.એમ.પુનાવાલા એક્સપેરીમેન્ટલ સ્કુલ, અંબિકાનિકેતન, સુરત. | ૧૦૨૮ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૪૦ | એ.એ.મુલ્લા ગર્લ્સ હાઈસ્કુલ, રાંદેર, સુરત. | ૩૧૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૪૧ | આઈ.પી.સવાણી હાઈસ્કુલ માતાવાડી વર્ષા સોસાયટી, સુરત. | ૪૭૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૪૨ | કે.એમ.જરીવાલા ગર્લ્સ સ્કુલ, સુરત. | ૪૬૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૪૩ | સર જે.જે. ઈન્ગ્લીશ સ્કુલ, શાહપોર, સુરત. | ૬૪૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૪૪ | વી.ડી.દેસાઈ વાડીવાલ મા.શાળા, અડાજણ, સુરત. | ૧૨૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪૫ | એલ.એન.બી.દાળિયા હાઈસ્કુલ, અડાજણ ગામ, સુરત. | ૬૭૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૪૬ | શાંતિનિકેતન વિદ્યાવિહાર, સુરત. | ૪૫૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૪૭ | એસ.એન.ગુમા લોકભારતી વિદ્યાલય, સીટીલાઈટ, સુરત. | ૪૪૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૪૮ | અખંડ આનંદ વિદ્યાભવન, વેડરોડ, સુરત. | ૯૭૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૪૯ | સી.સી.શાહ સાર્વજનિક સ્કુલ, અંબિકાનિકેતન, સુરત. | ૮૩૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૫૦ | એસ.ઈ.એમ.હાઈસ્કુલ, ઉધના, સુરત. | ૩૪૮ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૫૧ | લીલાબા કન્યા વિદ્યાલય, લાલદરવાજા, સુરત. | ૧૦૪૬ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૫૨ | છત્રપતિ શિવાજી મરાઠી સ્કૂલ, ઉધના, સુરત. | ૧૩૮૫ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૫૩ | રામકૃષ્ણ વિદ્યાભવન, એલ.એચ.રોડ, સુરત. | ૮૫૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૫૪ | સિમ્ગા ઈંગ્લીશ સ્કુલ, સગરામપુરા, સુરત. | ૯૦૯ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૫૫ | સંસ્કાર ભારતી વિદ્યાલય, રાંદેર રોડ, સુરત. | ૬૯૭ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૫૬ | પી.પી.સવાણી વિદ્યાભવન, હિરાબાગ, સુરત. | ૧૪૧૯ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૫૭ | સિમ્ગા હાઈસ્કુલ ઉર્દૂ માધ્યમ, સગરામપુરા, સુરત. | ૧૦૪૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૫૮ | સાર્વજનિક હાઈસ્કુલ લીંબાયત, સુરત. | ૨૯૩૫ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૫૯ | સરસ્વતી વિદ્યાલય, એ.કે.રોડ, સુરત. | ૧૦૮૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૬૦ | આદર્શ વિદ્યાલય, વરાછા, સુરત. | ૯૧૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૬૧ | નવસર્જન વિદ્યાલય, પાંડેસરા, સુરત. | ૩૭૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૬૨ | એમ.ટી.જરીવાલા મા.શાળા, સુરત. | ૫૯૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | ગુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૬૩ | આઈ.જી.દેસાઈ વિદ્યાસંકુલ, ભટાર ચારરસ્તા, સુરત. | ૬૯૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૬૪ | મહિધરપુરા અર્બન સ્કુલ, સુરત. | ૧૧૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬૫ | સાધના વિદ્યાભવન સંચાલિત માં.ઉ.માં.કન્યા શાળા, વરાછા, સુરત. | ૪૪૮ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૬૬ | ન્યુ મોડેલ હાઈસ્કુલ, ભાઠેના, સુરત. | ૪૩૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૬૭ | પી.એચ.બચકાનીવાલા, ખરવરનગર, સુરત. | ૧૦૬૮ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૬૮ | એમ.એન.જે. પટેલ મા.શાળા, વરાછા, સુરત. | ૭૩૯ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૬૯ | સુરત ડાયમંડ એસો.ગર્લ્સ હાઈ., વરાછા, સુરત. | ૭૪૯ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૭૦ | નાલંદા વિદ્યાલય,પુણા, સુરત. | ૮૯૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૭૧ | ડી.પી.કન્યા વિદ્યાલય, ભીમપોર, સુરત. | ૧૭૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭૨ | નવનિર્માણ ઉ.બુ. વિદ્યાલય,ભરથાણા,વેસુ, સુરત. | ૩૭૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૭૩ | જવાહર વિદ્યાલય, સણીયા કણદે, સુરત. | ૭૯૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૭૪ | એલ.ડી.હાઈસ્કુલ સચીન, સુરત. | ૧૪૮૬ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૭૫ | કે.જી.પીઠાવાલા વિદ્યાલય,ડુમ્મસ, સુરત. | ૧૩૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭૬ | શારદા વિદ્યાલય, ઇચ્છાપોર, સુરત. | ૨૨૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭૭ | શ્રી દ.અને કે.મ.પટેલ સર્વોદય વિદ્યાલય સાબરગામ, સુરત. | ૩૫૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૭૮ | સંજીવની હાઈસ્કુલ,દામકા, સુરત. | ૪૭૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૭૯ | સ્વાશ્રય વિદ્યાલય,બુડીયા, સુરત. | ૭૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૮૦ | નવજાગૃતિ વિદ્યાવિહાર, હજીરા, સુરત. | ૬૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮૧ | મોસમ હાઈસ્કુલ ભાટીયા, સુરત. | ૧૬૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮૨ | પી.આર.કોન્ટ્રાક્ટર, ડુમ્મસ, સુરત. | ૧૮૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮૩ | એલ.પી.ડી.પટેલ સાર્વ.હાઈ., પુણા, સુરત. | ૮૭૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૮૪ | જ્ઞાનદીપ વિદ્યાલય, આભવા, સુરત. | ૧૬૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮૫ | ગંગાબેન યુ શાહ શાળા, કોસાડ, સુરત. | ૭૫૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૮૬ | મદ્રેસા ઇસ્લામિયા હાઈસ્કુલ, મોટા વરાછા, સુરત. | ૪૪૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૮૭ | ગૌતમી કન્યા વિદ્યાલય, અમરોલી, સુરત. | ૧૬૬૬ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૮૮ | સરદાર પટેલ વિદ્યાલય પાલ, સુરત. | ૩૨૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૮૯ | મહર્ષિ આસ્તિક સાર્વજનિક હાઈસ્કુલ, ગોડાદરા, સુરત. | ૭૨૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૯૦ | કે.એન્ડ એમ.પી પટેલ વિદ્યાલય, અમરોલી, સુરત. | ૧૫૦૭ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૯૧ | પ્રેમભારતી સાકેત વિદ્યાલય,ઓખા, સુરત. | ૪૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯૨ | નવજીવન વિદ્યાલય,કરંજ, ઓલપાડ, સુરત. | ૧૧૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯૩ | ડી.આર.જી.ડી વિદ્યાલય, સાયણ, સુરત. | ૧૧૪૫ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૯૪ | એમ.આર.સી હાઈસ્કુલ, દિહેણ, ઓલપાડ, સુરત. | ૪૩૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૯૫ | મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ, સુરત. | ૯૫૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯૬ | મોર હાઈસ્કુલ, મોર, ઓલપાડ, સુરત. | ૫૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯૭ | પી.કે.દેસાઈ વિદ્યાલય,કીમ, સુરત. | ૮૦૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૯૮ | સિધ્ધ સોમેશ્વર વિદ્યાલય, સરસ, ઓલપાડ, સુરત. | ૩૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯૯ | તળાદ વિભાગ માધ્યમિક શાળા, ઓલપાડ, સુરત. | ૨૬૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦૦ | જે.આર.પટેલ ટકારમા, ઓલપાડ, સુરત. | ૧૦૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦૧ | એમ.એમ.પટેલ અસનાડ,ઓલપાડ, સુરત. | ૪૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦૨ | સંસ્કાર ભારતી વિદ્યાલય, ભાદોલ, ઓલપાડ, સુરત. | ૬૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦૩ | મદ્રેસા એ અંજુમને હાઈસ્કુલ ઓલપાડ, સુરત. | ૧૬૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦૪ | ઝેડ.એમ પટેલ વિદ્યાલય, લવાછા, , ઓલપાડ, સુરત. | ૫૦૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૦૫ | એલ.ડી.પટેલ સાર્વ.વિદ્યાલય,બોરીયા | ૩૦૮ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૦૬ | જી.એચ.ભક્ત સાર્વ.હાઈ.મહુવા | ૬૦૪ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૦૭ | બી.બી.સાર્વજનિક હાઈસ્કુલ, કરચેલિઆ | ૧૧૫૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૦૮ | કે.એલ.પટેલ સાર્વ.હાઈ.અનાવલ | ૭૮૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૦૯ | ધનગૌરી સાર્વ.હાઈસ્કુલ વલવાડા, મહુવા, સુરત. | ૮૫૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૧૦ | વિનય નિકેતન બુ.વિદ્યાલય,ખરવાણ | ૪૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૧ | ઉત્તર બુનિયાદી વિદ્યાલય,રાણત | ૨૧૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૨ | બી.આર.ઉમરાકર વિનય મંદિર | ૧૬૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૩ | શ્રદ્ધા વિદ્યાલય ભગવાનપુરા | ૫૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૪ | ડી.વી.ડી પટેલ હાઈ.ધોળીકુઈ | ૩૨૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૧૫ | અંબિકા હાઈસ્કુલ, મહુવરિયા | ૮૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૬ | સનાતન કન્યા વિદ્યાલય,આંગલધરા | ૨૪૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૭ | પ્રભુપ્રેમી વિદ્યાલય,ડુંગરી | ૨૧૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૮ | સાર્વજનિક હાઈસ્કુલ બીલખડી | ૧૩૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧૯ | સરદાર કન્યા વિદ્યાલય | ૯૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨૦ | ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય,મઢી | ૧૧૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨૧ | કડોદ હાઈસ્કુલ, કડોદ | ૮૬૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૨૨ | કન્યા વિદ્યાલય, અસ્તાન | ૬૦૭ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૨૩ | એન.બી.પટેલ સરભોણ હાઈસ્કુલ | ૫૮૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૨૪ | બી.એ.બી.એસ હાઈસ્કુલ | ૧૦૭૯ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૨૫ | એમ.કે.પટેલ મા.શાળા,મઢી | ૫૮૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૨૬ | વરાડ સાર્વજનિક હાઈસ્કુલ | ૪૪૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૨૭ | એમ.જે.ભટ્ટ સાર્વ.હાઈ.મોતા | ૨૧૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨૮ | એસ.કે.પટેલ સાર્વ.હાઈસ્કુલ,વાંકાનેર | ૩૩૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૨૯ | એમ.બી.વામદોત હાઈસ્કુલ | ૯૧૩ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૩૦ | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, વાઘેચા | ૪૧૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૩૧ | સેંસેરીતે હાઈસ્કુલ, બારડોલી | ૧૮૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩૨ | જે.એમ.પટેલ હાઈસ્કુલ,બારડોલી | ૪૪૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૩૩ | ઉત્તર બુનિયાદી વિદ્યાલય,બેડી ફળિયા | ૪૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩૪ | યુ.કે.આર.કે સેવા સમાજ મા.શાળા | ૨૪૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩૫ | મદ્રેસા હાઈસ્કુલ,બારડોલી | ૩૫૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૩૬ | એમ.બી.એમ કોન્વેન્ટ હાઈસ્કુલ | ૯૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩૭ | સરદાર પટેલ વિદ્યાલય એના, સુરત. | ૪૦૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૩૮ | ગંગાધરા હાઈસ્કુલ,ગંગાધરા | ૪૫૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૩૯ | ડી.બી.હાઈસ્કુલ,પલસાણા | ૫૨૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૪૦ | આર.એન.પટેલ માધ્યમિક શાળા, પારડીપાતા | ૩૧૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૪૧ | એ.વી.ટી સરસ્વતી વિદ્યાલય, વડદલા | ૧૬૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪૨ | ઉ.બુ.વિદ્યાલય, અમલસાડી | ૩૪૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૪૩ | કે.વી મહેતા.વિદ્યાલય,ચલથાણ | ૭૮૬ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૪૪ | અંજુમન હાઈસ્કુલ, મલેકપોર | ૨૪૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪૫ | આર.એસ.પટેલ વિદ્યાલય,ઓરણા | ૩૭૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૪૬ | ડૉ.એ.એમ.મુલ્લા હાઈસ્કુલ કઠોર | ૬૮૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૪૭ | એમ.એ.આઈ હાઈસ્કુલ ખોલવડ | ૬૫૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૪૮ | પી.કે.પટેલ શ્રી ગણેશ વિદ્યાલય, હલધરૂ | ૨૧૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪૯ | વી.ડી.ગલીયારા વિદ્યાલય | ૧૦૧૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૫૦ | બી.એન.ભક્ત હાઈસ્કુલ વાવ | ૫૫૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૫૧ | કું.એસ.જી.પટેલ વિદ્યાલય વિહાણ | ૧૭૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૨ | જે.પી.પટેલ અને કે.વી.કે.એમ.હાઈસ્કુલ, કામરેજ | ૧૯૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૩ | ઉ.બુ.વિદ્યાલય,ટીંબા | ૮૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૪ | એમ.એ.આઈ ગર્લ્સ હાઈસ્કુલ કઠોર | ૨૧૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૫ | સ્વામિનારાયણ વિદ્યાધામ માધ્યમિક શાળા, લાડવી | ૬૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૬ | વિદ્યાભારતી ગર્લ્સ હાઈસ્કુલ, રુપણ | ૨૯૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૭ | તડકેશ્વર વિભાગ હાઈસ્કુલ | ૩૫૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૫૮ | બી.વી.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, ગોડસંબા | ૧૪૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫૯ | બાપુ વિનય મંદિર, ઘંટોલી | ૩૨૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૬૦ | માંડવી હાઈસ્કુલ, માંડવી | ૧૩૬૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૬૧ | એચ.એમ.વાય કોટ્વાલ સાર્વ હાઇ., બૌધાન, સુરત. | ૩૨૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૬૨ | બાબા ઉ.બુ.વિદ્યાલય આંબાપારડી | ૩૩૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૬૩ | ઉ.બુ.વિદ્યાલય.પાતલ | ૩૨૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૬૪ | ઉ.બુ.વિદ્યાલય. દેવગઢ | ૧૮૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬૫ | જાગૃતિ ઉ.બુ.વિદ્યાલય અરેઠ | ૨૫૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬૬ | સુખાનંદ ઉ.બુ.વિદ્યાલય બલેઠી | ૨૯૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬૭ | જ્ઞાનદીપ હાઈસ્કુલ ગામતળાવખુર્દ | ૨૮૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬૮ | તાપીવન વિદ્યાલય સરકુઈ | ૨૪૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૬૯ | વી.એફ.ચૌધરી મા.શાળા | ૯૮૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૭૦ | એસ.પી.મદ્રેસા ગર્લ્સ હાઈસ્કુલ | ૩૩૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૭૧ | એન.ડી.દેસાઈ સાર્વ.હાઈસ્કુલ વાંકલ | ૨૦૧૫ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૧૭૨ | જય શંકરદાદા હાઈસ્કુલ વેલાછા | ૩૦૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૭૩ | વી.એસ.પટેલ હાઈસ્કુલ, કોસંબા | ૧૧૮૭ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૭૪ | એસ.પી.મદ્રેસા હાઈસ્કુલ મોટામિંયા | ૫૧૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૭૫ | શાંતિનિકેતન હાઈસ્કુલ, ઝંખવાવ | ૯૪૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૭૬ | એલ.બી.શાહ વિનય વિદ્યામંદિર, કંટવા | ૧૮૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૭૭ | ઉ.બુ.વિદ્યાલય,બિલવાણ | ૩૫૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૭૮ | ગુરુ સાંદીપની ઉ.બુ.વિદ્યાલય, કોસંબા | ૭૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૭૯ | વનરાજ હાઈસ્કુલ, ઉમરપાડા | ૧૦૧૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ |
| ૧૮૦ | નાની નારોલી વેલ્ફેર હાઈસ્કુલ | ૫૮૪ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૮૧ | હાજી એ.એમ.મોતાલા સાર્વ.હાઈ.કોસંબા | ૬૬૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૮૨ | કસ્તુરબા ઉ.બુ.વિદ્યાલય, ઈશનપુર | ૧૨૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૮૩ | પી.કે.હાઈસ્કુલ,કોઠવા | ૪૭૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૮૪ | લાલજીભાઈ વસાવા ઉ.માં.શાળા,વાડી | ૩૪૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૮૫ | શ્રીમતી કે.બી.ડી.પટેલ સર્વોદય વિદ્યાલય સેગવાછામા | ૩૦૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |

| ક્રમ | શાળાનું નામ | શાળાની કુલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આધારીત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૮૬ | કસ્તુરબા વિદ્યાભવન મા.શાળા | ૪૩૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૧૮૭ | સી.બી.ભંડારી સરસ્વતી વિદ્યાભવન | ૨૮૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૮૮ | કે.વી.કો.સ્કુલ, કામરેજ | ૭૧૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ૧૮૯ | એમ.એ.મિર્ઝા હાઈસ્કુલ, રાંદેર | ૮૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૯૦ | નવચેતન વિદ્યાલય, જુનાગામ | ૨૧૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૯૧ | સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ધોરણપારડી, (ગાયપગલા) | ૫૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૯૨ | વિકલાંગ બાળકોની મા.શાળા | ૭૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૯૩ | નાલંદા હાઈસ્કુલ,મોટીચેર | ૬૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | | | ૨૨૨ | ૧૨૩ | ૭૦ | ૯ | ૪૨૪ |

ઉક્ત વિગતે, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૯/OD-૮(પા.ફા.૧)ગ, તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવની તમામ શરતોનું ચુસ્તપણે પાલન થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિ. સુરત

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ગ-શાખા, સચિવાલય.
- સંબંધિત શાળાઓ (સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી મારફતે જાણ)

જા.નં./મા-૫/૨૦૨૪/ 17011

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા. -૧૨-૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (ગ્રાન્ટેડ),
સુરત.જિ.સુરત.

આ સાથે સામેલ નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૪/બિ.શૈ./૨૦૨૪/૬૪૬૬-૬૫૦૧ તા.૦૯-૧૨-૨૦૨૪ મુજબ જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

Scanned with OKEN Scanner

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પટાવાળા, વર્ગ-૪ના કર્મચારીઓને "ખાસ કિસ્સામાં" ખાતાકીય પરિક્ષામાંથી મુક્તિ આપી જુનિયર કારકુન, વર્ગ-૩માં બઢતી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/4149/G

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા.૦૧/૦૯/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૦૫-૧૯૩૪-ગ.

(૨) વિભાગનો તા.૦૧/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ.

(૩) વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદી ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ.

(૪) વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ.

(૫) વિભાગનો તા.૨૯/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૨૨/૧૧૪૮/ગ.

(૬) વિભાગનો તા.૧૭/૦૪/૨૦૨૩નો સુધારા ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2295/G.

(૭) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તા.૧૮/૦૮/૨૦૨૩ની રજૂઆત

આમુખ:-

ક્રમ (૧) સામે વંચાણે લીધેલ વિભાગના તા.૦૧/૦૯/૨૦૦૭ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાની જોગવાઈ કરવામાં આવેલ હતી. ત્યારબાદ ક્રમ (૨) સામે વંચાણે લીધેલ વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના વિનિયમ-૨૪માં ઉમેરો કરી, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે સરકારના ધારાધોરણ મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા(CCC) અને શૈક્ષણિક કર્મચારીઓએ હિન્દીની પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા(CCC) પાસ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ક્રમ (૩) સામે વંચાણે લીધેલ વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૦ની યાદીથી બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવાની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ હતી. ક્રમ-(૪) સામેના વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુનિયર કારકુનની જગ્યાઓ બઢતીથી ભરવા બાબતની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪માં સુધારો કરી ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોવાની લાયકાત ઉમેરવામાં આવેલ હતી. ક્રમ (૫) સામેના વિભાગના તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી પટાવાળા, વર્ગ-૪માંથી

1755



Scanned with CamScanner

Scanned with OKEN Scanner

જુનિયર કારકુન, વર્ગ-૩માં બઢતી માટેના ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ અને નિયમો નિયત કરેલ છે અને ક્રમ (૬) સામેના વિભાગના તા. ૧૭/૦૪/૨૦૨૩ના સુધારા ઠરાવથી અભ્યાસક્રમમાં સુધારો કરવામાં આવેલ છે.

વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ના ઠરાવથી પટાવાળા, વર્ગ-૪ માંથી જુનિયર કારકુન, વર્ગ-૩ સંવર્ગમાં બઢતી આપવાં ખાતાકીય પરિક્ષા પાસ કરવાની લાયકાત ઉમેરવામાં આવી તે પહેલાં વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી બઢતી માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષા સિવાયની લાયકાતો જેવી કે નિયત ન્યુનત્તમ અનુભવ, હિન્દી પરીક્ષા અને નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) સહિતની અન્ય તમામ લાયકાતો ધરાવતા પટાવાળા, વર્ગ-૪ સંવર્ગના કર્મચારીઓને "ખાસ કિસ્સામાં" ખાતાકીય પરીક્ષામાથી મુક્તિ આપવા ક્રમ (૭) સામેના ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળના તા.૧૮/૦૮/૨૦૨૩ના પત્રથી રજૂઆત મળેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં નોંધાયેલ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા પટાવાળા, વર્ગ-૪ના કર્મચારીઓ કે જેઓ શિક્ષણ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ અમલમાં આવ્યા પહેલાં પટાવાળા વર્ગ-૪માંથી જુનિયર કારકુન, વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષા સિવાયની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તેઓને નીચેની શરતોને આધિન ખાસ કિસ્સામાં ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો:-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ અમલમાં આવ્યા પહેલાં, પટાવાળા વર્ગ-૪ માંથી જુનિયર કારકુન, વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા માટે વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૯/૯૧૪/છ થી નિયત થયેલ ખાતાકીય પરિક્ષા સિવાયની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તેવા કર્મચારીઓને જ ખાતાકીય પરિક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

(૨) શરત (૧) મુજબની લાયકાત ધરાવતા પટાવાળા, વર્ગ-૪ને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના સેટ અપ મુજબ ખાલી હોય તેવી જુનિયર કારકુનની જગ્યા પર જ ખાતાકીય પરીક્ષા સિવાય બઢતી મળવાપાત્ર રહેશે.

(૩) શરત (૨) મુજબના સેટઅપમાં જુનિયર કારકુનની જગ્યામાં વ્યવસાયલક્ષી કે અન્ય ફાજલ શૈક્ષણિક કર્મચારીનો સમાવેશ હોય તો તેમને તાત્કાલિક હટાવી જુનિયર કારકુનની જગ્યા ખાલી કરી તે જગ્યા પર બઢતી આપવાની રહેશે.

(૪) વર્ગ-૪ ના કર્મચારીઓ દ્વારા જુનિયર કારકુન, વર્ગ-૩માં બઢતી મેળવવા કોઈ કોર્ટ કેસ દાખલ કરેલ હોય તો તે કેસનો આખરી નિકાલ થયા બાદ જ બઢતીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-સરકાર ફાઈલ પર માન.મુખ્યમંત્રીશ્રીની તા.૩૦/૧૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. જી. ચૌધરી)
ઉપ સચિવ


Scanned with CamScanner
Scanned with OKEN Scanner

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત).
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ )ના અંગત સચિવશ્રી, માન.રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકિનકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આર્થિક બાબતો)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર તરફ નિયમાનુસાર આનુષંગિક કાર્યવાહી હાથ ધરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફતે)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવ ઓન લાઇન મુકવા સારૂ)
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪.

ઉમબ/ઉમા.૪/ બિ.શૈ./ ૨૦૨૪/૬૪૬૬-૬૫૦૨
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
સેકટર-૧૯,ગુ.રા., ગાંધીનગર.
તા.૯/ ૧૨/૨૦૨૪

શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક:ED/MSM/e-file/3/2023/4149/G, Dt.7/12/2024ની નકલ જાણ તથા કાર્યવાહી સારૂ.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:
નાયબ સચિવશ્રી,ગ -શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date:2024.12.09
10:42:11 +5:30



Scanned with CamScanner
Scanned with OKEN Scanner

૬૫૨૮-૬૪

ક્રમાંક :ઉમશ/ઉમા-૪/વહી.સંઘ/૨૦૨૩
કમિશનર, શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર , સેકટર -૧૯
ગાંધીનગર
તા. ૧૩/૧૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ , ગુ.રા

વિષય :- રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળા , વર્ગ-૪ના કર્મચારીઓને " ખાસ કિસ્સામાં " ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપી જુનિયર કારકુન , વર્ગ-૩માં બઢતી આપવા બાબત

સંદર્ભ:-શિક્ષણ વિભાગના તા.૭/૧૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/4149/G

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવાનું કે , સંદર્ભ –(૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૭/૧૨/૨૦૨૪ના ઠરાવથી રાજયમાં નોંધાયેલ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા પટાવાળા , વર્ગ-૪ના કર્મચારીઓ કે જેઓ શિક્ષણ વિભાગના તા.૧૦/૦૬/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ અમલમાં આવ્યા પહેલા પટાવાળા વર્ગ-૪ માંથી જુનિયર કારકુન , વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષા સિવાયની અન્ય તમામ લાયકાતો સંતોષાતા હોય તેઓને શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક મશબ/૧૨૧૯/૯૧૪/છ , થી નિયત થયેલ ખાતાકીય પરીક્ષા સિવાયની અન્ય તમામ લાયકાતો જેવી કે નિયત ન્યુનત્તમ અનુભવ, હિન્દી પરીક્ષા અને નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા ( CCC) સહિતની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તેવા લાયકાત ધરાવતા પટાવાળા, વર્ગ-૪ ને શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ના સેટ અપ મુજબ ખાલી હોય તેવી જુનિયર કારકુનની જગ્યા પર ખાતાકીય પરીક્ષા સિવાય ઠરાવની શરતોને આધીન બઢતી મળવાપાત્ર હોઇ, આ બાબતે શિક્ષણ વિભાગના તા.૭/૧૨/૨૦૨૪ના ઠરાવમાં જણાવેલ શરતોને આધીન થયેલ જોગવાઇ મુજબ **સંપૂર્ણ ચકાસણી કરી નીચે જણાવેલ પત્રક મુજબની વિગતો દિન-૦૭ માં** ss.umabranch@gmail.com **ના મેઈલ એડ્રેસ પર અત્રે રજૂ કરશો.**

**શિક્ષણ વિભાગ દ્વારા નિયત થયેલ જિલ્લા શિક્ષણાધિકારીની ફરજો અને જવાબદારીમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પ્રતિનિધિ તરીકેની કામગીરી તેમજ ગ્રાન્ટ –ઇન- એઇડ કોડ ૧૯૬૪,ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો -૧૯૭૪, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધિનિયમ -૧૯૭૨ ની જોગવાઇ મુજબ કામગીરી કરવાની હોય છે. તેમના તાબા હેઠળની અનુદાન સહાય લેતી /માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ના સેટ અપ મુજબ ખાલી હોય તેવી જુનિયર કારકુનની જગ્યા પર પટાવાળા વર્ગ-૪ માંથી જુનીયર** કારકુન , વર્ગ-૩ સંવર્ગમાં નિયમોનુસાર બઢતી **આપવાની લગતી કામગીરી માટેના સક્ષમ સત્તાધિકારી સ્વયં જિલ્લા શિક્ષણાધિકારી છે.**

શિક્ષણ વિભાગના તા.૭/૧૨/૨૦૨૪ના ઠરાવથી થયેલ પટાવાળા વર્ગ-૪ માંથી જુનિયર કારકુન , વર્ગ-૩ સંવર્ગમાં નિયમોનુસાર બઢતી મેળવવાપાત્ર કર્મચારીઓને બઢતી આપવા બાબતની કામગીરી નિષ્પક્ષ

Scanned with ACE Scanner

અને સંતુલિત ન્યાય આધારિત થાય તેની સંપૂર્ણ કાળજી રાખવાની કાર્યવાહી **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ** કરવાની રહેશે.

**પત્રક**

| ક્રમ | શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ના સેટ અપ મુજબ જિલ્લામાં ખાલી હોય તેવી જુનિયર કારકુનની કુલ જગ્યાઓની સંખ્યા | શિ.વિ ના તા.૭/૧૨/૨૦૨૪ના ઠરાવ મુજબની શરતોને આધીન પટાવાળા વર્ગ-૪ માંથી જુનીયર કારકુન, વર્ગ-૩ સંવર્ગમાં નિયમોનુસાર બઢતી મેળવવાપાત્ર પટાવાળા(વર્ગ-૪)ની કુલ સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| | | | |

નાયબ શિક્ષણ નિયામક

(૧૦+૨) ખાસ ઘટક

ગુ. રા. ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>**

- **માન.નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી , સદર કચેરી**

<u>નકલ રવાના જાણ સારૂ</u> :

- પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ ,

<u>કાર્યાલય</u> :- શેઠ એમ.ડી.હાઇસ્કુલ, પુંધરા ,

તા.માણસા, જિ.ગાંધીનગર -૩૮૨૮૫૫

Scanned with ACE Scanner

# પટાવાળા માંથી જુનિયર કારકુન તરીકે બઢતી મેળવવા અંગેનુ ચેકલિસ્ટ

| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | શાળાનો ફોરવર્ડીંગ લેટર | |
| ૨ | દરખાસ્તનો નમૂનો | |
| ૩ | કર્મચારીની અરજી | |
| ૪ | પત્રક – અ | |
| ૫ | પત્રક – બ | |
| ૬ | શાળા સંચાલક મંડળનો બઢતી મંજૂર રાખવા અંગેનો ઠરાવ | |
| ૭ | વર્ષ ૨૦૨૨–૨૩ માં શાળામાં ફરજ બજાવતાં બિન શૈક્ષણિક કર્મચારીની વિગત દર્શાવતું પત્રક | |
| ૮ | વર્ષ : ૨૦૨૨–૨૩ ની સ્થિતિ મંજૂર થયેલ સેટઅપ ની પ્રમાણિત નકલ | |
| ૯ | જુનિયર કારકુનમાં ખાલી જગ્યામાં કોર્ટ મેટર નથી તે અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૦ | ૨૦ ટકા કાપ અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૧ | સી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું જાહેરનામું તેમજ ગુણપત્રકની પ્રમાણિત નકલ | |
| ૧૨ | લાગુ પડતી હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના ગુણપત્રકની પ્રમાણિત નકલ | |
| ૧૩ | પુરા પગારના આદેશની પ્રમાણિત નકલ | |
| ૧૪ | સેવા સળંગ ગણવા અંગેના આદેશની પ્રમાણિત નકલ | |
| ૧૫ | લાગુ પડતા છઠ્ઠા તેમજ સાતમા પગારપંચ ના સ્ટીકરની પ્રમાણિત નકલ | |
| ૧૬ | વર્ષ : ૨૦૧૮ –૧૯ થી વર્ષ : ૨૦૨૩ – ૨૪ ના ખાનગી અહેવાલ | |
| ૧૭ | સંપૂર્ણ સેવાપોથી પ્રમાણિત નકલ | |

તારીખ :

સ્થળ : (કર્મચારીની સહી અને નામ) આચાર્ય

# દરખાસ્ત નો નમુનો

## ( બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી દરખાસ્ત ગ્રાન્ટેડ પાત્ર રાખવાની મંજૂરી માટેની દરખાસ્ત પત્રકનો નમુનો )

૧. શાળાનું નામ :

૨. સંચાલક મંડળનું નામ અને સરનામું :

- ૧. શાળા શરૂ થયાનું વર્ષ :
- ૨. નામ :
- ૩. હાલનો હોદો :
- ૪. શૈક્ષણિક લાયકાત :
- ૫. સંબધિત સંવર્ગના અનુભવ :
- ૬. શાળામાં દાખલ તારીખ :
- ૭. પ્રથમ બઢતી મેળવ્યા તારીખ :
- ૮. હાલ પગાર ધોરણ :

૩. બઢતી કયા હોદા ઉપર આપવાની થાય છે ? :

૪. બઢતી કઈ તારીખથી આપવાની થાય છે. ? :

૫. બઢતી વાળી જગ્યા ઉભી થવાના કારણો :

- ૧. વિધાર્થીની સંખ્યા વધવાથી :
- ૨. કર્મચારીની બઢતીથી :
- ૩. નિવૃતિ / મૃત્યુ / રાજીનામાથી :
- ૪. ૨૦/૧૦/૧૯૯૯ ના ઠરાવથી :

૬. શાળામાં વિધાર્થીઓની સંખ્યા :

| ધોરણ | વર્ગ | બઢતી પહેલા વર્ગમાં સંખ્યા | બઢતી પછી વર્ગમાં સંખ્યા |
|---|---|---|---|
| ૦૯ | | | |
| ૧૦ | | | |
| ૧૧ (સા. પ્ર.) | | | |
| ૧૨ (સા. પ્ર.) | | | |
| ૧૧ (વિ.પ્ર.) | | | |
| ૧૨ (વિ.પ્ર.) | | | |
| કુલ | | | |

૭. બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ જગ્યા તારીખ : ૨૦/૧૦/૧૯૯૯ ના ઠરાવ પહેલા અને ઠરાવ બાદ :

| સંવર્ગ | ઠરાવ પહેલાં | ઠરાવ બાદ |
|---|---|---|
| પટાવાળા | | |
| જુનિયર કારકુન | | |
| સિનિયર કારકુન | | |
| મુખ્ય કારકુન | | |
| કચેરી અધિક્ષક | | |

૮. ૧. વહીવટી કર્મચારીઓનું નવા માળખા મુજબ સંખ્યાબળ :

૨. વહીવટી કર્મચારીઓનું નવા માળખા પહેલાનું સંખ્યાબળ :

૩. નવા માળખા મુજબનાં સંખ્યાબળ ૨૦ ટકા કાપ આપ્યા બાદનું સંખ્યાબળ :

૪. ૨૦ કાપની સંખ્યા રદ કરવા ધારી છે. ? .........

૯. બઢતીપાત્ર કર્મચારી સામે કોઈ એડવર્સ રિમાર્ક કે ખાતાકીય તપાસ છે કે કેમ ?

૧૦. અન્ય ....................

## પ્રમાણપત્રો

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ /૩૯૪ /૩૬૪ (૯૭) ગ , તા. ૨૦–૧૦–૧૯૯૯ ને આધિન આ દરખાસ્ત કરવામાં આવે છે.

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ / ૩૯૪ / ૩૬૪ / (૯૭) ગ , તા. ૨૦–૧૦–૧૯૯૯ ને અનુસાર ભરવાપાત્ર મહેકમ માટે ૨૦ ટકા નો કાપ મુકવામાં આવેલ છે. અને જગ્યા રદ કરવામાં આવેલ છે.

(૩) બઢતીપાત્ર કર્મચારી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬–૧૨–૧૯૮૫ ના જાહેરનામાએ ૦૫૬ જી.આર. અનુસાર લઘુતમ અનુભવ જરૂરી લાયકાત ધરાવે છે.

(૪) સંચાલક મંડળ ઠરાવ .............................. થી ................. નિયમ મુજબ કર્મચારીને બઢતી આપવા ઠરાવે છે.

(૫) વિદ્યાર્થી સંખ્યા અને મહેકમની માહિતી રેકોર્ડ ઉપરથી લીધેલ છે. અને તે સાચી છે.

(૬) દરખાસ્તની વિગતોની ચકાસણી કરવામાં આવી છે. અને તે બરાબર છે.

(૭) બઢતીપાત્ર કર્મચારીના ખાનગી અહેવાલ તપાસ્યા છે અને તેમની સામે કોઈ એડવર્સ રિમાર્ક કે ખાતાકીય તપાસ ચાલુ નથી.

કર્મચારીની સહી     આચાર્યશ્રી ની સહી     પ્રમુખ / મંત્રી શ્રી ની સહી

# પત્રક – અ

શિક્ષણ વિભાગના ઠ. ક. બ. મ. શ. ૧૩૯૪ , ૩૬૪ ૯૭ ગ તા. ૨૦–૧૦–૯૯ અન્વયે બીન સરકારી માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ બઢતી થી ભરવા માટે દરખાસ્ત પત્રક

૧. શાળાનું નામ :

૨. શાળાનું સરનામું :

૩. શાળામાં કુલ મા. પ. વર્ગોની સંખ્યા :

| ધો. –૯ | ધો.– ૧૦ | ધો.–૧૧ | ધો. –૧૨ | કુલ |
|---|---|---|---|---|
| | | | | |

૪. શાળામાં ધોરણવાર વિધાર્થીની સંખ્યા :

| ધો. –૯ | ધો.– ૧૦ | ધો.–૧૧ | ધો. –૧૨ | કુલ |
|---|---|---|---|---|
| | | | | |

૫. શિ.વિ.ના. તા. ૨૨–૨–'૯૯ ઠરાવ અનુસાર વિધાર્થી સંખ્યાના પ્રમાણપત્રમાં મળવાપાત્ર બિન શૈક્ષણિક કર્મચારીની સંખ્યા :

| પટાવાળા | લેબ.આ. કમ પ્યુન | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

૬. સુચિત પ્રમોશન આપ્યા બાદ શિ. વિ. ના તા. ૨૦–૧૦–૯૯ ના ઠરાવ અનુસાર : ૨૦ ટકા કાપને ધ્યાનમાં લેતાં રદ કરવાપાત્ર જગ્યાઓ.

| પટાવાળા | લેબ.આ. કમ પ્યુન | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

૭. ૨૦ ટકા કાપ મુકતા ખરેખર મળવાપાત્ર જગ્યાઓ ( કોલમ – ૫–૬ ) :

| પટાવાળા | લેબ.આ. કમ પ્યુન | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

૮. શાળામાં કામ કરતા કર્મચારીઓની ભરાયેલ જગ્યાઓ. :

| પટાવાળા | લેબ.આ. કમ પ્યુન | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

૯. બઢતી આપવાપાત્ર જગ્યાઓ. :

| પટાવાળા | લેબ.આ. કમ પ્યુન | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

શાળાના આચાર્યશ્રી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી , બનાસકાંઠા

## પત્રક – બ

બઢતી આપવાપાત્ર કર્મચારીની વિગત ( પટાવાળા / કલાર્ક માટે ના. શિ. વિ. ના. ઠ. ક. બમશ ૧૩૮૩ ૫૮–૫૫૮–ગ તા. ૨૦–૧૨–૮૩ ) અનુસાર કાર્યવાહી કરવી.

| ક્રમ | બઢતી આપવાપાત્ર કર્મચારીનું નામ | નોકરીમાં દાખલ તારીખ | પ્રથમ બઢતી મળેલ તારીખ | હાલ કયા હોદા પર કામ કરે છે. | હાલની જગ્યા પર નિમણૂક તારીખ | શૈક્ષણિક લાયકાત | કઈ જગા પર બઢતી આપવા પાત્ર છે. | ખાનગી અહેવાલ લખાયેલ છે. કેમ જો હા તો કોઈ વિરોધ નોંધ થયેલ છે કે કેમ | બઢતી આપવા માટે સંચાલક મંડળે ઠરાવ કરેલ છે કે કેમ ઠરાવ નં તારીખ | સા.વ.વિ. ના તા. ૬–૧૨–૮૫ ના જાહેરનામાં મુજબ લઘુતમ અનુભવ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નો સ્પષ્ટ અભિપ્રાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | | | | | | | | | |

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે પત્રક – બ માં કોલમ નં. ૧ થી ૧૨ સુધી ભરવામાં આવેલ વિગતો કર્મચારીના ખાનગી અહેવાલ અને સર્વિસ રેકર્ડના આધારે રજુ કરવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ,
બનાસકાંઠા

આચાર્ય
સહી / સિકકા

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે , સદરહું જુનિયર કારકુન ની જગ્યા ઉપર કોર્ટકેસ , રેહમરાહે કેસ, પ્રમોશન કેસ કે અન્ય કોઈ વિવાદી મુદ્દો ચાલતો નથી. તે બાબતનું આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્ય

સ્થળ :–

સહી / સિકકા

તારીખ :–

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે , સદરહું આ જગ્યા ઉપર શિક્ષણ વિભાગના મશબ/૩૯૪/૩૬૪/૯૭(ગ) તા. ૨૦–૧૦–૧૯૯૯ અનુસાર ભરવાપાત્ર મહેકમ માંથી આ જગ્યા પર ૨૦ ટકા કાપ લાગુ પડતું નથી. જે બાબતનું આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આચાર્ય

સ્થળ :–

સહી / સિકકા

તારીખ :–

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે , સાથી સહાયક / પટાવાળા માં નિમણૂક તમામ પ્રકારના ઓડીટમાં માન્ય રહેલ છે. તેમજ કોઈપણ કક્ષાએ તે આદેશ વિરુધ્ધ કાર્યવાહી ઉદ્દભવેલ / ચાલુ / સુચિત / પડતર નથી. તે બાબતનું આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :– આચાર્ય

તારીખ :– સહી / સિક્કા

## બિનશૈક્ષણિક કર્મચારીની વિગત દર્શાવતુ પત્રક ( વર્ષ : ૨૦૨૨–૨૩)

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જન્મ તારીખ | નોકરીમાં દાખલ તારીખ | નોકરીના કુલ વર્ષ | નિવૃતિ તારીખ | શૈક્ષણિક લાયકાત | હાલ નું પગાર ધોરણ | હાલ મળતો પગાર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

સ્થળ :–

તારીખ :–

આચાર્ય

સહી / સિકકા

# ઠરાવ

મંડળનું નામ :

ઠરાવ ન. .....

સંસ્થા મળેલ મીટીંગ ની તારીખ :

શાળાનું નામ ............................................................ તાલુકો .................... , જિ. ....................
કર્મચારીનું નામ શ્રી ........................................................ શાળાના પટાવાળા તરીકે ફરજ બજાવે છે. તેઓ સંતોષકારક તરીકે સેવા આપે છે. હાલમાં શાળામાં પટાવાળા માંથી જુનિયર કારકુન માં જગ્યા ખાલી છે. જેથી નિયમ મુજબ ખાસ કિસ્સામાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ED/ MSM /e-File / 3 / 2023 / 4149 /G સચિવાલય ગાંધીનગર ના પત્ર તા. ૭–૧૨–૨૦૨૪ અન્વયે શ્રી ............................................... ની સંતોષકારક નોકરીને લીધે સરકારશ્રી ના નિયમ અનુસાર ખાસ કિસ્સામાં પટાવાળા માંથી જુનિયર કારકુનમાં બઢતી માટે હિન્દી અને સી.સી.સી. ની જરૂરી લાયકાત પ્રાપ્ત કરેલ હોવાના કારણે શ્રી ...............................................ની બઢતી માટેની અરજી વંચાણે લેતા તેમના પટાવાળામાંથી જુનિયર કારકુન માં બઢતી આપવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તેમજ ખાતામાં મંજૂરી મેળવવા કાર્યવાહી આચાર્યશ્રી ને સર્વાનુમતે સત્તા આપવામાં આવે છે.

સ્થળ :

પ્રમુખ / મંત્રી ની સહી

તારીખ :